પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૦ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૧, સોમવાર; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ચરણજીતસિંહ ચન્ની પંજાબના નવા મુખ્યમંત્રી

## કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો : પંજાબ કોંગ્રેસના પ્રભારી હરીશ રાવતે ટ્વિટ કરીને ચરણજીત સિંહના સીએમ બનવાની માહિતી આપી : સુખજિંદર સિંહનું નામ પણ આગળ ચાલી રહ્યું હતું

નવી દિલ્હી, તા.૧૯

ચરણજીત સિંહ ચન્ની પંજાબના નવા મુખ્યમંત્રી બનશે. કોંગ્રેસ હાઈકમાન્ડે આ નિર્ણય ધારાસભ્યોની સર્વસંમતિથી લીધો છે. થોડા સમય પહેલા કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે માહિતી આપી હતી કે, ધારાસભ્યો સાથે નિરીક્ષકોની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. માનવામાં આવે છે કે, ચરણજીત સિંહ ચન્ની સોમવારે (૨૦ સપ્ટેમ્બર) રાજ્યપાલને મળવા માટે સમય માંગી શકે છે.

પંજાબ કોંગ્રેસના પ્રભારી હરીશ રાવતે ટ્વિટ કરીને ચરણજીત સિંહ ચન્નીના સીએમ બનવાની માહિતી આપી હતી.



થોડા સમય પહેલા સુધી સુખજિંદર સિંહ રંધાવાનું નામ આગળ ચાલી રહ્યું હતું, પરંતુ છેલ્લા પ્રસંગે ચન્નીના નામની જાહેરાત કરવામાં આવી હતી. રામદાસિયા શીખ સમુદાયમાંથી આવેલા ચન્ની પંજાબની ચમકૌર સાહિબ વિધાનસભાના ધારાસભ્ય છે. કેપ્ટનની કેબિનેટમાં ટેકનિકલ શિક્ષણ અને ઔદ્યોગિક તાલીમ મંત્રી રહેલા ચન્નીનું નામ ધારાસભ્યો અને નિરીક્ષકોની એક દિવસની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું. ચમકીરથી ત્રીજી વખત ધારાસભ્ય બનેલા ચન્ની ૨૦૧૫-૨૦૧૬ સુધી પંજાબ વિધાનસભામાં વિપક્ષના નેતા હતા. રાહુલની નજીક માનવામાં આવતા ચન્ની ૨૦૦૭માં પ્રથમ વખત ચમકૌર વિધાનસભા બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ચરણજીત સિંહ ચન્ની કેપ્ટન અમરિંદર સિંહના કટ્ટર વિરોધી રહ્યા છે.

ઉલ્લખનીય છે કે, ચૂંટણી પહેલા કોંગ્રેસ કોના હાથમાં પંજાબની કમાન આપશે તે રહસ્ય પરથી પરદો હટી ગયો છે. રવિવારે ચંદીગઢમાં દિવસભર કોંગ્રેસના નેતાઓ સાથેની બેઠક બાદ ધારાસભ્ય અને મંત્રી સુખજિંદર સિંહ રંધાવાના નામ પર પહેલા સર્વસંમતિ હોવાનું જણાવવામાં આવ્યું હતું. પરંતુ કોંગ્રેસ હાઈકમાને અંતિમ સમયે તમામને ચોંકાવી ચરણજીતસિંહ ચન્નીના નામ પર પસંદગીનો કળશ ઢોળ્યો

● અનુસંધાન પાન-૭ પર

# માંડવિયા સામાન્ય દર્દી બનીને જતા ગાર્ડે ડંડો માર્યો

## આ અંગેની જાણ વડાપ્રધાનને આપી તો તેઓ પણ પરેશાન થઈ ગયા અને પૂછ્યું કે, શું ગાર્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યા

નવી દિલ્હી,તા.૧૯

આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યુ હતું કે, જ્યારે તેઓ સફદરજંગ હોસ્પિટલની સરપ્રાઈઝ મુલાકાતે ગયા ત્યારે, સિક્યિરિટી ગાર્ડે તેમને ડંડો માર્યો હતો. આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે, તેઓ સામાન્ય દર્દીના વેશમાં સફદરજંગ હોસ્પિટલની મુલાકાતે ગયા હતા અને તેમને ગેટ પર સિક્યુરિટી ગાર્ડે ડંડો માર્યો હતો. તેમણે કહ્યું કે, તેમણે હોસ્પિટલની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે અચાનક જ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ગુરુવારે સફદરજંગ હોસ્પિટલમાં ચાર આરોગ્ય સુવિધાઓના ઉદ્‌ઘાટન દરમિયાન તેમણે આ ઘટસ્ફોટ કર્યો હતો. માંડવિયાએ જણાવ્યું હતું કે, એક સામાન્ય દર્દી તરીકે તેમની અચાનક મુલાકાતમાં જ્યારે તેઓ બેન્ચ પર બેસવા જતા હતા ત્યારે સુરક્ષાકર્મીએ ડંડો માર્યો હતો અને તેમને ત્યાં બેસવા દીધા ન હતા. તેમણે એમ પણ કહ્યું કે તેમણે જોયું કે ઘણા દર્દીઓને હોસ્પિટલમાં સ્ટ્રેચર અને અન્ય તબીબી સહાય મેળવવામાં સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે એક ૭૫ વર્ષીય મહિલાનું ઉદાહરણ આપ્યું, જે પોતાના પુત્ર માટે સ્ટ્રેચર મેળવવા માટે ગાર્ડને કહી રહી હતી, પરંતુ તેમને તે પણ ન મળ્યું. તેઓ



ગાર્ડની વર્તણૂકથી ખુશ ન થયા. આ અંગે તેમણે પૂછ્યું કે, હોસ્પિટલમાં ૧૫૦૦ ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. પરંતુ તેમાંથી એક પણ ગાર્ડે વૃદ્ધ મહિલાને કેમ મદદ ન કરી. પેરામેડિક્સ અને અન્ય સ્ટાફને તેમની ભૂમિકાની યાદ અપાવતા

● અનુસંધાન પાન-૭ પર

# અફઘાનિસ્તાનના નંગરહારમાં વિસ્ફોટ

અફઘાનિસ્તાન , તા.૧૯

અફઘાનિસ્તાનમાં ૨૦ વર્ષ પછી સત્તા પર પાછા આવેલા તાલિબાનોએ ઉત્તરીય જવઝ્જન પ્રાંતના તેલા તાપા વિસ્તારમાં ૨,૦૦૦ વર્ષ જૂના બેક્ટ્રિયન ગોલ્ડનો ખજાનો શોધવા માટે અભિયાન શરૂ કર્યું છે. તાલિબાનના માહિતી અને સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનાને ટ્રેક કરવા અને તેની ભાળ મેળવવાના પ્રયાસ શરૂ કર્યા છે. બેક્ટ્રિયન ખજાનો બેક્ટ્રિયન ગોલ્ડ નામથી પણ ઓળખાય છે. ચાર દાયકા પહેલા શેરબર્ગન જિલ્લામાંથી આ ખજાનો શોધાયો હતો. ટોલો ન્યૂઝે તાલિબાનની વચગાળાની કેબિનેટના સાંસ્કૃતિક મંત્રાલયના ઉપપ્રમુખ અહમદુલ્લા વાસિકને ટાંકીને કહ્યું કે તેમણે બેક્ટ્રિયન ખજાનો શોધવાના આદેશો આપી દીધા છે. આ ખજાનો અફઘાનિસ્તાનની બહાર લઈ જવાયો હશે તો તે દેશદ્રોહ ગણાશે. નેશનલ જ્યોગ્રાફિક મુજબ બેક્ટ્રિયન ખજાનમાં પ્રાચીન દુનિયાના હજારો સોનાના ટૂકડા હોય છે.

ઈ.સ. પૂર્વેની પહેલી સદીથી લઈને ઈ.સ. સદી સુધીમાં છ કબરોમાં ૨૦,૦૦૦થી વધુ વસ્તુઓ મળી આવી હતી, જેમાં સોનાની વીંટી, સીક્કા, હથિયાર, ઝુમકા, બંગડીઓ, હાર, હથિયાર અને મુકુટનો સમાવેશ થાય છે. સોના ઉપરાંત તેમાં ફિરોઝા, કારેલિયન અને લેપિસ લાજુલી જેવા કિંમતી પથ્થરોનો પણ સમાવેશ થાય છે. અમેરિકન સંરક્ષણ મંત્રી લોઈડ ઓસ્ટિને કાબુલમાં થયેલા ડ્રોન હુમલા માટે માફી માંગી હતી. તેમણે કહ્યું કે હું ડ્રોન હુમલામાં માર્યા ગયેલા લોકોના પીડિત પરિવાર પ્રત્યે મારી ગંભીર સંવેદના વ્યક્ત કરું છું. અમારી ભૂલ બદલ અમે માફી માગીએ છીએ અને આ ભયાનક ભૂલમાંથી બોધપાઠ શીખવાનો પ્રયાસ કરીશું.

● અનુસંધાન પાન-૭ પર

# કોવેક્સિન રસીને ડબલ્યુએચઓ પાંચ ઓક્ટોબરે મંજૂરી આપશે




વૉશિંગ્ટન , તા.૧૯

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ અને નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ વાયરોલોજીના સહકારમાં હેદરાબાદ સ્થિત કંપની ભારત બાયોટેક દ્વારા કોવાક્સિન રસી વિકસાવવામાં આવી છે. દરમ્યાન યુએસએમાં એફડીએ દ્વારા ૬૫ વર્ષ કરતાં વધારે વયના વ્યક્તિઓને ફાઈઝર-બાયોએનટેકની કોરોના રસીના બંને ડોઝ લીધાના છ મહિના બાદ બૂસ્ટર ડોઝ આપવાનો નિર્ણય સલાહકાર સમિતિ સ્તરે લેવામાં આવ્યો છે. દરમ્યાન યુકેમાં આરોગ્ય પ્રધાન સાજિદ જાવેદે યુકેની હોસ્પિટલોમાં આવતા સપ્તાહથી રોનાપ્રિવ નામની એન્ટીબોડી સારવાર ઉપલબ્ધ થશે તેવી જાહેરાત કરી હતી. ગયા વર્ષે યુએસના ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને કોરોનાને ચેપ લાગ્યો ત્યારે તેમને આ રોનાપ્રિવ નામની એન્ટીબોડી સારવાર આપવામાં આવી હતી. શરૂઆતમાં કોરોના વાઈરસ સામે જેમનામાં એન્ટીબોડી રિસ્પોન્સ પેદાં ન થયો હોય તેમને બે મોનોક્લોનલ એન્ટીબોડીનું કોમ્બિનેશન રોનાપ્રિવ આપવામાં આવશે. ખાસ કોરોનાની સારવાર માટે જ બનાવવામાં આવેલી રોનાપ્રિવ એ પહેલી એન્ટીબોડી મેડિસિન છે જેને યુકેમાં વાપરવા માટે મેડિસિન એન્ડ હેલ્થકેર પ્રોડક્ટસ રેગ્યુલેટરી એજન્સીની મંજૂરી મળી છે. આ ઉપરાંત નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા ટોસિલીઝુમાબ અને સેરીલુમાબ નામની એન્ટીબોડી સારવારોને પણ શરૂ કરવામાં આવી છે.

# આ મહિનાના અંત સુધી દેશમાં ચોમાસુ સક્રિય રહેશે

## ભારતીય હવામાન વિભાગનો રિપોર્ટ : સપ્ટેમ્બર દરમિયાન દેશમાં જેટલો પણ વરસાદ પડશે તેનાથી દેશનું આ વર્ષે ચોમાસુ સામાન્ય ગણાશે : સપ્ટેમ્બરમાં ૩૩.૪% વધુ વરસાદ નોંધાયો છે

નવી દિલ્હી,તા.૧૯

હવામાન વિભાગ દ્વારા એવી આગાહી વ્યક્ત કરવામાં આવી હતી કે દેશમાં શુક્રવારથી ધીરે-ધીરે ચોમાસાની વિદાય શરૂ થશે. પણ, બંગાળની ખાડીમાં એક પછી એક લૉ પ્રેશર સિસ્ટમ સક્રિય થતાં હવે એવી આગાહી વ્યક્ત કરવામાં આવી છે કે સપ્ટેમ્બરના અંત સુધી દેશમાં ચોમાસુ સક્રિય રહેશે. સપ્ટેમ્બર મહિનામાં ભારતમાં ૩૩.૪% વધુ વરસાદ નોંધાયો છે જેના કારણે આખા ચોમાસા દરમિયાન વરસાદની જે ખોટ હતી તે પૂરી કરવામાં મદદ મળશે. દેશમાં આ વર્ષે વરસાદમાં ૪%ની ખોટ અને ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં વરસાદની ૧૦% ખોટ પૂરી કરવામાં સપ્ટેમ્બરના વરસાદથી મદદ મળશે. સપ્ટેમ્બર દરમિયાન દેશમાં જેટલો પણ વરસાદ પડશે તેનાથી દેશનું આ વર્ષે ચોમાસુ 'સામાન્ય' ગણાશે. ભારતીય હવામાન વિભાગના એક રિપોર્ટ અનુસાર, શનિવારથી એક ચક્રવાત સર્ક્યુલેશન ઓડિશા અને પશ્ચિમ બંગાળ પર અસર કરવાની શરૂઆત કરશે.



જ્યારે અન્ય એક સિસ્ટમથી ૨૫ સપ્ટેમ્બરથી ૪થી ૫ દિવસનો વરસાદ શરૂ થશે. દેશમાં સપ્ટેમ્બરના અંત સુધીમાં ચોમાસુ પાછું નહીં ખેંચાય કારણકે પશ્ચિમ બંગાળની ખાડી પર ૨ ચક્રવાતની રચના થઈ રહી છે. ભારતીય હવામાન વિભાગના વડા મૃત્યુંજય મોહાપાત્રાએ જણાવ્યું કે સપ્ટેમ્બર ૨૮ની આસપાસ પશ્ચિમ બંગાળની ખાડી પર અન્ય સિસ્ટમ રચાઈ શકે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ, ઉત્તર મધ્ય પ્રદેશ અને તેનાથી સંલગ્ન દક્ષિણ ઉત્તર પ્રદેશ પર લૉ પ્રેશરની રચના થઈ રહી છે. આ સિસ્ટમના કારણે ગુજરાતમાં બહોળા વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં આગામી ૩ દિવસમાં જ્યારે ગુજરાતમાં રવિવારથી વરસાદ વધશે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# દિવ્યા અગ્રવાલ બિગ બોસ ઓટીટીની વિજેતા

## દિવ્યા અગ્રવાલે કેક કાપીને જીતની ઉજવણી કરી : દિવ્યાએ બિગ બોસ ઓટીટી દરમિયાન જાહેરાત કરી હતી કે, તે શો જીતવા આવી છે અને તેણે શો જીતી બતાવ્યો



મુંબઈ,તા.૧૯

Bigg Boss OTTનો ગ્રાન્ડ ફિનાલે એપિસોડ ગઈકાલે પ્રસારિત થયો. રિયાલિટી ટીવી શૉની સ્ટાર દિવ્યા અગ્રવાલે બિગ બોસ ઓટીટીની પ્રથમ સીઝનની ટ્રોફી પોતાના નામે કરી. ટ્રોફીની સાથે સાથે દિવ્યાને ૨૫ લાખ રુપિયા ઈનામી રકમ પણ મળી છે. દિવ્યા શૉ જીતી ગઈ છે ત્યારે નિશાંત ભટ્ટ ફર્સ્ટ રનર અપ અને શમિતા શેટ્ટી સેકન્ડ રનર અપ બની છે. બિગ બોસ ઓટીટીના ગ્રાન્ડ ફિનાલે પછી દિવ્યા અગ્રવાલે વરુણ સૂદ, રણવિજય સિંહ અને પરિવારની સાથે મળીને પોતાની સફળતાની ઉજવણી કરી હતી. બિગ બોસ ઓટીટીની વિનર દિવ્યા અગ્રવાલે કેપ કાપીને ઉજવણી કરી હતી. વરુણ સૂદે આ દરમિયાન પોતાની ગર્લફ્રેન્ડના વખાણ કર્યા. વરુણે ઈન્સ્ટાગ્રામની સ્ટોરીમાં દિવ્યા સાથેની તસવીર શેર કરીને લખ્યું કે, પ્રાઉટ ઓફ યુ. ઉલ્લેખનીય છે કે આ ટ્રોફી જીત્યા પછી દિવ્યા અગ્રવાલે સાબિત કરી દીધું કે તે ખરેખર રિયાલિટી શૉની ક્વીન છે. દિવ્યાએ બિગ બોસ ઓટીટી દરમિયાન જ જાહેરાત કરી હતી કે, તે શૉ જીતવા આવી છે.




# ૮૫ ટકા ક્ષમતા સાથે થઈ શકશે હવાઈ મુસાફરી

નવી દિલ્હી , તા.૧૯

દેશમાં જ્યારે કોરોના કાળ દરમિયાન હવાઈ યાત્રા પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ મુસાફરોની સંખ્યા તબક્કાવાર વધારવામાં આવી હતી. ગત વર્ષે મંત્રાલયે ૩૩ ટકા ક્ષમતા સાથે ફ્લાઈટ સંચાલનની મંજૂરી આપી હતી. આ વર્ષે એક જૂનથી ૫ જુલાઈ સુધી આ ક્ષમતાને ૫૦ ટકા કરવામાં આવી હતી. ત્યાર બાદ ૫ જુલાઈથી ૧૨ ઓગષ્ટ સુધી વધારીને ૬૫ ટકા કરવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે શનિવારે એરલાઈન્સ કંપનીઓ અને મુસાફરોને મોટી રાહત આપી હતી. હવેથી ૮૫ ટકા મુસાફરોની ક્ષમતા સાથે હવાઈ યાત્રા થઈ શકશે.

# દેશમાં નવા ૩૦૭૭૩ કોરોનાથી સંક્રમિત : ૩૦૯ દર્દીનાં મોત

## ભારતમાં ૮૦ કરોડથી વધુ કોવિડ વેક્સીનના ડોઝ અપાયા, છેલ્લા ૨૪ કલાકમાં ૮૫,૪૨,૭૩૨ લોકોનું રસીકરણ

નવી દિલ્હી,તા.૧૯

દેશમાં કોરોના સંક્રમણની સ્પીડમાં આજે થોડો ઘટાડો જોવા મળ્યો છે. દરરોજ ઉપર અને નીચે જઈ રહેલા કોરોનાના ગ્રાફને જોયા બાદ ત્રીજી લહેરની ચેતવણી સારી સાબિત થતી હોય એવું લાગી રહ્યું છે. વિશેષજ્ઞોએ ચેતવણી જાહેર કરીને જણાવ્યું છે કે જો કોરોના પ્રોટોકોલનું પાલન નહીં કરવામાં આવે તો ઓક્ટોબર અને નવેમ્બરમાં કોરોનાની ત્રીજી લહેર જોવા મળી શકે છે.

રવિવાર સવારે કેન્દ્રીય આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૦,૭૭૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૩૦૯ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૪,૪૮,૧૬૩ થઈ ગઈ છે.

આ ઉપરાંત, દેશમાં કુલ ૮૦,૪૩,૭૨,૩૩૧ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૫,૪૨,૭૩૨ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં કુલ ૫૫,૨૩,૪૦,૧૬૮ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. કોરોના વાયરસ મહામારી સામે લડીને ભારતમાં ૩ કરોડ ૨૬ લાખ ૭૧ હજાર ૧૬૭ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૩૮,૯૪૫ દર્દીઓ સાજા થયા છે. હાલમાં ૩,૩૨,૧૫૮ એક્ટિવ કેસ છે.

હાર્દિક અભિનંદન

સમસ્ત લેઉવા પાટીદાર સમાજના આરાધ્ય દેવી માં અન્નપૂર્ણા
શ્રી અન્નપૂર્ણાધામ ટ્રસ્ટ - અડાલજ

ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
ને કોટી કોટી અભિનંદન



નરહરિ અમીન – પ્રમુખ
રવજીભાઈ વસાણી – ચેરમેન
બિપિનભાઈ પટેલ – મેનેજીંગ ટ્રસ્ટી

ઉપપ્રમુખ: ડૉ.એન.પી પટેલ, સુરેશભાઈ વી.પટેલ

મહામંત્રી: મહેશભાઈ ડી.પટેલ • ડૉ.હિમાંશુ વી.પટેલ • માવજીભાઈ પી.લુણાગરિયા

ખજાનચી: હિતેશભાઈ બી.પટેલ

સહમંત્રી: ઉરેનભાઈ એલ.પટેલ • નાગજીભાઈ એન.શિંગાળા